**-:એમ.એ.સી.એમ.એ. નં.૯૩/૨૦૨૨ ના કામે આંક-૧ લગત હુકમ:-**

**(એમ.એ.સી.પી.નં.૨૧/૨૦૨૨)**

**૧.** હાલની અરજી અરજદારે એમ.એ.સી.પી. નં.૨૧/૨૦૨૨ નાં કામે નામ. ટ્રીબ્યુનલે કરેલ એવોર્ડ મુજબ સામાવાળાઓએ વળતર અરજ પેટે જમા કરાવેલ અને નામદાર ટ્રીબ્યનુલના એવોર્ડ મુજબ રકમની ચુકવણુ થવા આપેલ છે.

**૨.** અરજી સંબધે નાઝરશ્રીએ એવો શેરો મારેલ છે કે, નીચે મુજબની વિગતે રકમ જમા છે.

| નં. | રકમ | સી. રજીસ્ટર નં. | તારીખ |
|---|---|---|---|
| ૧. | રૂા.૨,૫૦,૦૦૦/- | ૩૭ | ૦૮-૧૦-૨૦૨૨ |

**૩.** સદર વળતર અરજ લોકઅદાલતમાં સમાધાનથી નિર્ણિત થયેલ હોય એવોર્ડ અપીલને પાત્ર નથી તેમજ લીગલ સર્વિસ ઓથોરીટીની કલમ-૨૧ અન્વયે અરજદાર પાસેથી કોર્ટ ફી લેવા પાત્ર નથી.

**૪.** અરજીની હકીકત, નાઝરનો રીપોર્ટ તથા એવોર્ડ ધ્યાને લેતા ચુકવણી સબંધે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

**૧.** નાઝરશ્રીને આદેશ કરવામાં આવે છે કે, તેઓને ચુકવણી પાત્ર રકમ **રૂા.૨,૫૦,૦૦૦/-** નીચેની વિગતે અરજદારને ચુકવી આપવી.

| | |
|---|---|
| રકમ | રૂા.૨,૫૦,૦૦૦/- |
| **રૂા.૧,૦૦,૦૦૦/-** (૪૦ ટકા રકમ) | અરજદાર અનિલભાઈ કુરજીભાઇ સોલંકીને આર.ટી.જી.એસ.અથવા એનઈએફટીથી ચુકવી આપવા. |
| **રૂા.૧,૫૦,૦૦૦/-** (૬૦ ટકા રકમ) | અરજદાર અનિલભાઈ કુરજીભાઈ સોલંકીના નામે કોઈ પણ રાષ્ટ્રીયકૃત બેકંમા પાંચ વર્ષ માટે બાંધી મુદતની થાપણમાં મુકવી. |
| **રૂા.૨,૫૦,૦૦૦/-** | કુલ રકમ. |

૩. અરજદાર સદરહુ બાંધી મુદ્દતની થાપણ સમયાંતરે જે કાંઈ વ્યાજ ચઢે તે ઉપાડવા માટે હકકદાર થશે.

૪. સંબંધીત બેંકને સુચના આપવામા આવે છે કે, ટ્રીબ્યુનલની અગાઉ પરવાનગી લીધા સિવાય બાંધી મુદ્દતની થાપણ ઉપર કોઈ પણ લોન આપવી નહી કે બોજામા મુકવી નહી કે કોઈ પણ પ્રકારે મુદ્દત પહેલા વટાવવી નહી.

૫. સબંધીત બેંકને આદેશ કરવામાં આવે છે કે, તેઓએ બાંધી મુદ્દતની થાપણની તમામ વિગતો ઈસ્યુ કર્યા બાદ ટ્રીબ્યુનલ જાણ કરવી.

૬. સબંધીત બેંકને સુચના કે બાંધી મુદ્દત થાપણ તરીકે રાખેલ રકમ તેની પાકતી મુદ્દતે પુરી થયેથી અત્રેની ટ્રીબ્યુનલના કોઈ પણ જાતના હુકમ વિના અરજદારને પરત કરવી.

– હુકમની યાદી નાઝરને અમલ કરવા સારુ કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨/૧૦/૨૦૨૨
સ્થળ :–વેરાવળ

(કિર્તી જે. દરજી)
મોટર એકસીડન્ટ ટ્રીબ્યુનલ(સહાયક)
ગીરસોમનાથ @ વેરાવળ
કોડ નં.જીજે.૦૦૪૬૧

Kiran